ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# મુખ્યમંત્રી રૂપાણીનું બી.પી. લૉ થતાં સભાના સ્ટેજ પર ઢળી પડ્યા




ગાંધીનગર, તા. ૧૪

વડોદરા મહાનગરપાલિકાની ચૂંટણી પ્રચારસભામાં સંબોધન કરી રહેલા મુખ્યમંત્રીને ચક્કર આવતાં સ્ટેજ પર ઢળી પડ્યા હતા. ત્યારબાદ મુખ્યમંત્રી સભા ટુંકાવી રવાના થયા હતા. જો કે કોઈ અફવા પર ધ્યાન ન આપશો.

મુખ્યમંત્રીની તબિયત હવે સારી છે. તેમનુ બી.પી. લૉ થયુ હતુ. ડૉક્ટરોએ સારવાર આપતાં તેઓ સ્વસ્થ થઈ ગયા છે.

વ્યસ્ત ચૂંટણી કાર્યક્રમના કારણે બી.પી. લૉ થઈ ગયુ હતુ. તેઓ એક પછી એક તાબડતોબ ચૂંટણીસભાઓ સંબોધી રહ્યા છે. સતત પ્રવાસનો થાક અને તણાવના કારણે બી.પી. લૉ થવાની શક્યતા છે.

મુખ્યમંત્રીશ્રીને તાબડતોબ અમદાવાદ લવાયા હતા. તેમની સાથે વડોદરાની એસ.એસ.જી. હોસ્પિટલના ડૉ. વિજય શાહ જોડાયા હતા. જ્યારે રૂપાણીની અમદાવાદ લવાયા હતા ત્યારે ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ એરપોર્ટ પર પહોંચ્યા હતા જ્યાંથી સીધા મુખ્યમંત્રીને યુ.એન. મહેતા હોસ્પિટલમાં ખસેડાયા હતા. જાણીતા કાર્ડિયોલોજીસ્ટ ડૉ. આર. કે. પટેલ અને તેમની ટીમે તપાસ્યા હતા. જોકે સુગર અને બી.પી. નોર્મલ દર્શાવ્યા હતા. એક દિવસ આરામ કરવાની તબીબોએ સલાહ આપી છે.

જ્યારે મુખ્યમંત્રીશ્રી વિજય ભાઈ રૂપાણીના સ્વાસ્થ્ય અંગે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ મુખ્યમંત્રીશ્રી સાથે ટેલીફોનીક વાતચીત કરી માહિતી મેળવી છે.

વડાપ્રધાનશ્રી એ મુખ્યમંત્રીશ્રીને સંપૂર્ણ સ્વાસ્થ્ય ચકાસણી કરાવીને વધુ કાળજી લેવા સાથે યોગ્ય આરામ માટે પણ સલાહ આપી છે.

મુખ્યમંત્રીએ આ સભાના સંબોધન દરમ્યાન લવ જેહાદ વિરૂદ્ધ વિધાનસભાના આગામી સત્રમાં કાયદો લાવવાની જાહેરાત કરી હતી. સી.એમ. રૂપાણીએ વધુમાં જણાવ્યુ હતુ કે લવ જેહાદના નામે જે પ્રવૃત્તિ ચાલે છે તે ચલાવવાના નથી. મહત્વનું છે કે ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ, મધ્યપ્રદેશ બાદ હવે ગુજરાત વિધાનસભાના આગામી સત્રમાં આ અંગેનું વિધેયક સરકાર લઈ આવશે.

આ અગાઉ જામનગરનાં ચાંદી બજારમાં મુખ્યમંત્રી વિજય રૂપાણી અને પ્રદૈશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલની મહાનગરપાલિકાની ચૂંટણીને લઈને જાહેર સભા યોજાઈ હતી. જામનગરમાં મુખ્યમંત્રીની જાહેર સભામાં કહ્યું હતું કે, 'ગમે તેની મિલકતમાં લુખ્ખાઓ ઘુસી જતા હતા પરિણામે લેન્ડ ગ્રેબિંગનો કાયદો બનાવવામાં આવ્યો છે. ગુંડાઓ કાંતો ગુંડાગીરી છોડે અથવા તો ગુજરાત છોડે તેવી ચીમકી પણ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ શનિવારે ચાંદી બઝારના ચોકમાં આપી હતી.'

# આજે ઉમેદવારી પત્રોની ચકાસણી

ગાંધીનગર, તા. ૧૪

સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં આજે જિલ્લામાં ભરાયેલા ૭૯૮ ઉમેદવારીપત્રોની તંત્ર દ્વારા ચકાસણી કરવામાં આવશે.

બપોરે ૧૧ વાગ્યાથી ચૂંટણી અધિકારીની કચેરીમાં આ ચકાસણી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. ચકાસણીની કામગીરી પૂર્ણ થયા બાદ ડમી ઉમેદવારોના ફોર્મ રદ થશે. આ પછી જે ઉમેદવારો રહેશે તેના પર આગળની કાર્યવાહી થશે.

મંગળવારે બપોરે ૩ વાગ્યા સુધી ઉમેદવારી પત્રો પાછા ખેંચી શકાશે. આ પછી જે તે ચૂંટણી અધિકારી દ્વારા હરિફ ઉમેદવારોની આખરી યાદી જાહેર થશે.

ગુરૂવારથી જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીના જાહેર પ્રચાર અભિયાનનો આરંભ થશે. જો કે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં તો ઉમેદવારોએ ધીમી

**મંગળવારે બપોર પછી ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થશે : ગુરૂવારથી જિલ્લામાં મુખ્ય સ્પર્ધક પક્ષો પ્રચાર અભિયાન કરશે**

ગતિએ લોકસંપર્ક અભિયાનનો પ્રથમ રાઉન્ડ પણ શરૂ કરી દીધો છે. કેટલીક બેઠકો પર તો કાર્યાલયો પણ શરૂ થયા છે તો કેટલીક બેઠકો પર એકાદ-બે દિવસમાં ઉમેદવારોના કાર્યાલયો શરૂ થઈ જશે.

૨૮મીએ સ્થાનિક સ્વરાજયની ચૂંટણી માટે મતદાન યોજાવાનું છે. જો કે મુખ્ય બન્ને પક્ષો દ્વારા આ ચૂંટણીમાં લોકસંપર્ક અભિયાનને વધુ મહત્વ આપવાની વ્યુહરચના અપનાવવાનો નિર્ણય કર્યો હોવાનું પક્ષોના સૂત્રો કહી રહ્યા છે.

ભારતીય જનતા પાર્ટીએ જિલ્લામાં ચૂંટણીને લગતી સમગ્ર કામગીરી માટે બળવંતસિંહ રાજપૂત, હર્ષદભાઈ પટેલ તેમજ નૌકાબેન પ્રજાપતિને જવાબદારી સોંપી છે. કોંગ્રેસ પક્ષમાંથી ધારાસભ્યો, જિલ્લાના પ્રભારીઓ તેમજ સંગઠ્ઠનના ચુનંદા આગેવાનોની કમિટી દ્વારા આ જવાબદારી સંભાળવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લામાં ૩ તાલુકા પંચાયતો, બે નગરપાલિકા તેમજ જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણી ઉપરાંત માણસા નગરપાલિકાની પેટા-ચૂંટણી યોજાઈ રહી છે.

જિલ્લા પંચાયત માટે ૧૩૯ ઉમેદવારો ૩ તાલુકા પંચાયત માટે ૩૩૯ અને બે નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તેમજ પેટા-ચૂંટણી માટે ૩૧૮ ઉમેદવારો મેદાનમાં છે. આજે ચકાસણીને અંતે આછુ પાતળુ ચિત્ર સ્પષ્ટ થઈ જશે તેમ મનાય છે.

# રાજીનામા બાદ સ્વૈચ્છીક રીતે સક્રિય રાજકારણમાંથી નિવૃત્ત : જશુભા

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લાના પીઢ કોંગી આગેવાન જશુભા રાણાએ આજે ગાંધીનગર સમાચાર સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે તેઓ સક્રિય રાજકારણમાંથી નિવૃત્તિ લેવા મક્કમ છે.

તેમણે જણાવ્યુ હતુ કે કોંગ્રેસને રામ રામ કર્યા પછી જિલ્લા સંગઠ્ઠનના પ્રભારી વંદનાબેન અને મંદાબેન પટેલ તેમને મળવા આવ્યા હતા અને રાજીનામુ પાછી ખેંચવા માટે આગ્રહ કર્યો હતો. જો કે રાજીનામાના નિર્ણયમાંથી પીછેહઠ કરવાનો મેં સ્પષ્ટ ઈન્કાર કર્યો છે.

તો તમે ભાજપમાં જોડાશો ? તેવા સીધા પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યુ હતુ કે આવી કોઈ વાત છે નહિ. કોંગ્રેસે મને ઘણુ આપ્યુ છે હવે કોઈ ઈચ્છા નથી. બસ હવે સક્રિય રાજકારણમાંથી જ હુ નિવત્ત થવા માંગુ છુ. મેં મારી સ્વૈચ્છીક નિવૃત્તિની વાત પ્રભારીઓને પણ કહી અને જિલ્લાની જનતાને પણ તમારા થકી કહી રહ્યો છુ.

તેમણે જણાવ્યુ હતુ કે કોંગ્રેસ પક્ષે મારી લોકસેવાનો જે આદર કર્યો છે અને સન્માન આપ્યુ છે એટલે બીજુ કંઈ પણ વિચારવાનો અવકાશ છે જ નહિ.

● અનુસંધાન પાન-૭ પર

# સે-૧૯ બાદ હવે ૧૭ માં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરાશે

**નવા સેકટરોમાં માર્ગ સુધારણાની કામની ગુણવત્તા સામે સ્થાનિકોમાં રોષ : નવા સેકટરોમાં ઘર આંગણે જ ડામરની કપચીઓના ઢગ ખડકાયા : સ્થાનિકો ત્રસ્ત**

ગાંધીનગર તા ૧૪

શહેરના સેકટરોમાં તબક્કાવાર માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવામા આવે છે. સે-૨૪ થી ૨૭ માં માર્ગ સુધારણાની કામગીરીને અનુલક્ષીને પણ કામ શરૂ કરી દેવાયુ છે. જયારે સે-૧૯ માં પણ આંતરિક માર્ગોનુ કામ પુર્ણ કરાયા બાદ હવે સે-૧૭ માં કામ શરૂ કરાશે. ત્યારે સેકટરોના આંતરિક માર્ગોની સુધારણા દરમિયાન યોગ્ય ગુણવત્તા જળવાય તેવી માંગણી પણ સ્થાનિકોએ વ્યકત કરી છે. નવા સેકટરોમાં આંતરિક માર્ગોની સુધારણા બાદ માર્ગોના ધોવાણના અંતે ડામરની કાંકરીઓના ઢગ ખડકાતા સ્થાનિકોમાં રોષ પ્રવર્તયો છે. શહેરના સેકટરોમાં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરવા માટે તબક્કાવાર આયોજન કરવામાં આવી રહ્ય છે. ગત દિવસોમાં સે-૬ થી ૮ માં આંતરિક માર્ગોનુ કામ પુર્ણ કરાયુ હતુ જયારે હાલ સે-૨૪ થી સે-૨૭ માં પણ માર્ગ સુધારણાનુ કામ શરૂ કરવા માટે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. સેકટરોમાં પાંચ વર્ષના નિયત સમયના અંતે માર્ગ સુધારણાની કામગીરી કરવામાં આવે છે. પરંતુ નિયત સમય પુર્વે જ માર્ગો ઉબડ ખાબડ બની જાય છે. જેના લીધ નવા સેકટરોમાં સે-૧ થી ૫ માં ત્રણ જ વર્ષમાં માર્ગોની પર ડામરની કાંકરીના ઢગ દેખાય છે. વરસાદી દિવસોના અંતે સેકટરામાં આંતરિક માર્ગો તદન ખરબચડા થઈ ગયા છે. સેકટરોના આંતરિક માર્ગોનુ ધોવાણ થયા બાદ હાલ સ્થાનિકોના ઘર આંગણે કચરાના ઢગ ખડકાય છે. જયારે ડામરની કાંકરીઓ ઉડતી હોવાના લીધે રહીશો પણ તોબા પોકારી ગયા છે. શહેરના જુના સેકટરોમાં પણ માર્ગોની દશા સુધારવા માટે કામ હાથ ધરાયુ છે. શહેરના સે-૨૪ થી ૨૭ માં પણ આંતરિક માર્ગોની દશા સુધારવા માટે ટેન્ડર પ્રક્રીયાના અંતે કામ શરૂ કરાશે.

જયારે સે-૧૯ માં પણ આંતરિક માર્ગોનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. જયારે સે-૧૭ માં હવે સેકટરોના આંતરિક રસ્તાઓની સુધારણા માટે પેવર કામગીરી શરૂ કરાશે. સેકટરોમાં નિયત સમયના અંતે માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરાય છે ત્યારે કામગીરીમાં ગુણવત્તા જળવાય તેવી લાગણી અને માંગણી પણ સ્થાનિકોએ વ્યકત કરી છે. ટુંકા સમયગાળામાં જ માર્ગો પરથી ડામરની પોપડી ખરવા માંડતા રહીશોના ઘર આંગણે જ ગંદકી સહીતના અનેક પ્રશ્નો ઉઠવા પામે છે. જયારે માર્ગ સુધારણા પાછળના પૈસા પણ પાણીમાં જાય છે. સેકટરોમાં માર્ગો આસપાસ આડેધડ પેવર બ્લોક ફીટ કરાયા હોવાથી માર્ગો નિચાણમાં ગરકાવ થઈ જાય છે. ત્યારે માર્ગ સુધારણા દરમિયાન માર્ગોનુ લેવલીંગ પણ યોગ્ય રીતે જળવાય તે પણ અનિવાર્ય હોવાનો સુર ઉઠવા પામ્યો છે.



ગાંધીનગરને વિવિધ ફુલોથી સજાવીને 'ફુલોની નગરી' બનાવવાનું આયોજન વર્ષો પહેલાં થયું હતું. આ આયોજન ભલે સંપૂર્ણપણે પૂર્ણ થઈ શકયું ન હોય પરંતુ વિવિધ પ્રકારના ફુલો તો જે તે સમયે ઉગાડવામાં આવ્યા હતા. આ ફુલોના છોડ હવે સંપૂર્ણ પણે વિકસી ચુકયા છે અને આ સિઝનમાં ખૂબ ખીલ્યા છે. મુખ્ય માર્ગોની વચ્ચે ડીવાઈડર પર ઉછેરવામાં આવેલા અવનવા વિવિધ રંગી પુષ્પો શહેરને અનોખી સુંદરતા બક્ષી રહ્યા છે.

# રાજ્યના પ્રથમ ગોકુળિયા ગામમાં જ સુવિધાઓને લઈ તંત્ર સામે બાંયો ચડાવવા ગ્રામજનો મજબુર થયા

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેરને અડીને આવેલ અને રાજયનું પ્રથમ ગોકળિયુ ગામ તેમજ હવે ગાંધીનગર મહાનગરપાલિકામાં ભળેલ રાયસણ ગામને અન્યાય કરવાના વલણથી લોકોમાં રોષની લાગણી ઉભી થવા પામી છે.

ગ્રામજનોના જણાવ્યા પ્રમાણે ગામમાં ગટર ઉભરાવવા અંગેની વારંવાર રજુઆત છતાં તંત્ર દ્વારા કોઈ જ પગલાં લેવામાં આવતાં નથી. ગંદકીને કારણે મચ્છરોનો ઉપદ્રવ પણ એટલો વધ્યો છે એટલુ જ નહિ રોગચાળો ઉભો થાય તેવી પરિસ્થિતિ ઉભી થઈ છે પરંતુ તંત્ર દ્વારા પગલાં ક્યારે લેવાશે તે જ ખબર પડતી નથી.

ગામમાં ટી.પી. નં. ૧૯ મંજૂર થઈ ગઈ છે પણ ન તો ગુડા દ્વારા કે ન તો મનપા દ્વારા આંતર માળખાકીય સુવિધાઓના કામ કરવામાં આવતા નથી.

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં ૭ નવા કેસ

**તાલુકાના વાવોલ, રાયસણ અને રતનપુરથી કેસ મળ્યા : સે. ૩, ૧૯, ૭ અને ૨૮ માંથી કેસ મળ્યા**

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લામાં આજે કોરોનાના વધુ ૭ કેસ નોંધાયા છે. જેમાં શહેરમાં ૪ અને ગ્રામ્ય વિસ્તારમાં ૩ કેસ નોંધાયા છે.

કોરોનાના કેસોમાં જે રીતે ચડાવ-ઉતાર થઈ રહ્યો છે તેને લઈ તંત્રની ચિંતામાં વધારો થયો છે. જિલ્લામાં આજે ૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં કેસોની સંખ્યા ઘટી રહી છે પણ ગાંધીનગર તાલુકામાં હજુ કોરોનાના કેસો ઘટવાનું નામ લેતા નથી. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા ત્રણેય કેસ ગાંધીનગર તાલુકામાં નોંધાયા છે.

ગાંધીનગર તાલુકમાં આજે ૩ કેસ નોંધાયા છે. જેમાં એક મહિલા દર્દીનો સમાવેશ થાય છે. આ મહિલા દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આજે નોંધાયેલા ૩ કેસમાં બે કેસ વિદ્યાર્થીના છે. વિદ્યાર્થીઓ સંક્રમિત થતાં તંત્રમાં ચિંતા વધવા પામી છે.

તાલુકાના વાવોલ અને રાંદેસણમાં બે વિદ્યાર્થી કોરોનાથી સંક્રમિત થયા છે જ્યારે રતનપુરમાં ૫૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં ૪૦૫૧ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

ગાંધીનગર શહેરમાં આજે ૪ કેસ નોંધાયા છે. શહેરમાં આજે બે મહિલા દર્દીઓનો પણ સમાવેશ થાય છે. આજે ૪ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં સંક્રમિત થનારાઓમાં એલઆઈસી કલોલની કર્મયોગીની, એડમિનીસ્ટ્રેટીવ ઓફિસર તેમજ એક ખાનગી શાળાના કારકુનનો પણ સમાવેશ થાય છે. શહેરમાં આજે સે. ૩, ૧૯, ૭ અને ૨૮ માંથી કેસો મળી આવ્યા છે. શહેરમાં આજે વધુ ૩ દર્દીઓ રિકવર થતાં તોમનો ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

જિલ્લામાં હાલ ૭૦ થી ઓછા એકટીવ કેસ સારવાર હેઠળ છે. જેમાં મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

**જોઈએ છે**
ફુલ ટાઈમ જોબ કરી શકે તેવા
Angular Front and developer
મિનિમમ સેલેરી - ૩૦,૦૦૦
કોન્ટેક્ટ : ૯૯૨૪૮ ૨૬૫૯૪



આહલાદક ઋતુઓનો સમય હાલમાં ચાલી રહ્યો છે. નહી વધુ ઠંડી કે નહી વધુ ગરમી. વળી શહેરમાં ઠેર ઠેર જયાં નગર કરો ત્યાં રંગબેરંગી ફુલો જોવા મળી રહ્યા છે. વહેલી સવારે કયારેક ખુબ ધુમ્મસ જોવા મળી જાય છે. વહેલી સવારે હજુ સુર્યાસ્ત થઈ રહ્યો હોય ત્યારે જામતો ધુમ્મસભર્યો માહોલ શહેરને જાણે હીલ સ્ટેશનમાં ફેરવી નાંખે છે. હીલ સ્ટેશનની મજા માણવા આપણે દુર સુધી જવાની જરૂર નથી. માત્ર થોડાક વહેલાં ઉઠીને શહેરનું સૌંદર્ય માણીને હીલસ્ટેશનનો આનંદ માણી શકાય છે.

# જિલ્લા પંચાયતની ૨ અને તાલુકા પંચાયતની ૧૭ બેઠકો પર ભાજપ બિનહરીફ ચૂંટાયા

ગાંધીનગર,તા.૧૪

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પગલે રાજકીય રંગ જામ્યો છે. જિલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણી માટે ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયા પૂર્ણ થઈ ચૂકી છે, ત્યારે ચૂંટણી પહેલા જ ભાજપને મોટી સફળતા સાંપડી છે. કોંગ્રેસના આંતરિક અસંતોષનો લાભ ભાજપને મળી રહ્યો હોય, તેમ જિલ્લા પંચાયતની ૨ અને તાલુકા પંચાયતની ૧૭ બેઠકો પર ભાજપ બિનહરીફ જાહેર થયું છે. જિલ્લા પંચાયતની વાત કરવામાં આવે તો. જૂનાગઢ જિલ્લાની બિલખા પંચાયત અને સુરેન્દ્રનગર જિલ્લા પંચાયતની કોંઢ બેઠક પર ભાજપ બિનહરીફ બન્યું છે. જ્યારે તાલુકા પંચાયત પર નજર નાંખીએ તો, સુરતના ઓલપાડ અને ચોર્યાસી

# સે-૪ માં બે મહનાના અંતે પણ પાણીની સમસ્યાનો ઉકેલ ન આવતા રહીશો આગ બબુલા


**પહેલા પાણી આપો બાદમાં વેરો ભરીશુના સુત્ર સાથે ઉગ્ર રજુઆત**

ગાંધીનગર તા ૧૪

શહેરના સે-૪ માં પીવાના પાણીની સમસ્યા છેલ્લા બે મહીનાથી યથાવત છે. સેકટરામાં ડહોળુ પાણી આવતુ હોવાના કકળાટ વચ્ચે નાગરિકો ફોર્સથી પાણી ન આવતુ હોવાની ફરિયાદો પણ કરી રહ્યા છે. આ મામલે અનેકવાર સંબંધિત તંત્ર સમક્ષ રજુઆત કરવામાં આવી છે. આમછતા સેકટરમાં પાણીની સમસ્યા હલ થતી નથી. સ્થાનકોએ આ મામલે હવે પાણી આપો બાદ પાણી વેરો ભરીશુનુ સુત્ર અપનાવ્યુ છે. સેકટરમાં પાણીની સમસ્યા ત્વરિત હલ થાય તે માટે પણ ઉગ્ર રજુઆત કરવામાં આવી છે.

શહેરના સેકટરોમાં પાણી ફોર્સથી ન આવતુ હોવાનો કકળાટ સમયાંતરે ઉઠતો રહે છે. સેકટરોમાં પાણીની જરૂરિયાત સંતોષવા માટે પુરતા પ્રમાણમાં સપ્લાય આપવામાં આવતો હોવાનુ પણ તંત્રના અધિકારીઓ જણાવે છે. આમછતા પાણીની સમસ્યા સ્થાનિકો માટે રોષનુ કારણ બને છે. શહેરના સે-૪ માં છેલ્લા બે મહીનાથી પાણીના લીધે સ્થાનિકોમાં બેડાયુધ્ધ જેવ સ્થિતિ સર્જાઇ છે. સેકટરમાં પાણી પુરતા ફોર્સથી ન આવતુ હોવાની સામે ડહોળુ પાણી આવતુ હોવાનો રોષ પણ સ્થાનિકો ઠાલવી રહ્યા છે. સેકટરમાં છેલ્લા ઘણાં સમયથી પાણી ફોર્સથી ન આવતુ હોવાનો કકળાટ ઉઠવા પામ્યો છે. પાણીની સમસ્યાના નિવારણ માટે સ્થાનિક કોર્પોરેટર સહીતના અગ્રણીઓએ તંત્રને રજુઆત પણ કરી છે. ત્યારે સકટરમા ંપાણીના બોરમાં ક્ષતિ આવી ગઈ હોવાના લીધે સમસ્યા સર્જાઈ હોવાનુ પણ ધ્યાને આવ્યુ હતુ ત્યારે પાણીના બોરનુ કામ પણ ટુંકમાં પુર્ણ કરી દેવાશે તેમ તંત્ર કક્ષાએથી જાણવા મળ્યુ હતુ. પરંતુ લાંબા સમયના અંતે પણ પાણીની સમસ્યા હજુ યથાવત રહેતા સ્થાનિક રહીશો આગ બબુલા બન્યા છે. પાણી આપો ત્યારબાદ વેરો ભરીશુ તેના સુત્ર સાથે હવે સ્થાનિકો ઉગ્ર લડત આપવાના મુડમાં છે.

**પ્રથમ માસિક શ્રદ્ધાંજલિ**



**સ્વ. ચંદ્રકાંતભાઈ ઠક્કર**
તમારું જીવન અમારી પ્રેરણા હતું,
તમારા આદર્શો અમારા માર્ગદર્શન હતા.
અમે તમારા સરળ જીવન, ઉચ્ચ વિચારો,
દયાળુ સ્વભાવને ક્યારેય ભૂલીશું નહી.
ભગવાન તમારા આત્માને શાંતિ આપે.
ગં.સ્વ. નીરૂબેન ચંદ્રકાંતભાઈ ઠક્કર
ગાર્ગી તરૂણ ઠક્કર તરૂણ ચંદ્રકાંતભાઈ ઠક્કર
રચના આશિષ ઠક્કર આશિષ ચંદ્રકાંતભાઈ ઠક્કર
રેવા, નીર, વિવાન

**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**
SANGHI CEMENT
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ®**
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com